# સમાચાર પ્રકાશન

Ontario

24 માર્ચ 2021

# ઑન્ટેરિયોની કાર્ય યોજના: જનતાના સ્વાસ્થ્ય અને આપણા રાષ્ટ્રના અર્થતંત્રને બચાવે

## *2021 Budget (2021 નું અંદાજપત્ર) COVID-19 સામેના પ્રાંતના પ્રતિસાદને 51 અબજ ડૉલર સુધી લઇ આવે છે*

**ટોરોન્ટો-આજે, નાણાં પ્રધાન અને ટ્રેઝરી બોર્ડના પ્રમુખ શ્રી પીટર બેથલેનફાલ્વી એ ઑન્ટેરિયોની કાર્ય યોજના: જનતાના સ્વાસ્થ્ય અને આપણા રાષ્ટ્રના અર્થતંત્રને બચાવે** (Ontario's Action Plan: Protecting People's Health and Our Economy) **રજૂ કરી.** આ 2021 Budget *ઑન્ટેરિયોના COVID-19 સામે પ્રતિક્રિયાનો આગલો તબક્કો છે અને મહામારી દરમિયાન સરકારે આપેલું બીજું બજેટ છે.*

"તંદુરસ્ત જનતા વગર આપણે તગડું અર્થતંત્ર ધરાવી શકીએ નહીં," પ્રધાનશ્રી બેથલેનફાલ્વી એ કહ્યું. “વિતેલા વર્ષથી, અમે COVID-19 થી લોકોને બચાવવા પર જ ધ્યાન કેન્દ્રિત કરતાં રહ્યા છીએ. આગળ હજુ ઘણા પડકારો રહેલા છે. પરંતુ પ્રાંતના ખૂણે ખૂણે રસીઓ વિતરીત થઈ રહી છે, જેથી ક્ષિતિજ પર આશાના કિરણો વર્તાય છે. એક વર્ષ પહેલાં શરૂ કરેલું કામ પૂરું કરવા અમે તત્પર છીએ. ”

2021 Budget *વૈશ્વિક મહામારી સામેના પ્રતિસાદરૂપે સરકારના વિક્રમી રોકાણો પર આધારીત છે, જે જનતાના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા 16.3 અબજ ડૉલર સુધીનું અને રાષ્ટ્રના અર્થતંત્રને બચાવવા 23.3 અબજ ડૉલર સુધીનું કુલ રોકાણ લઈ આવે છે.* ઑન્ટેરિયોની કોવિડ -19 કાર્ય યોજનાનો આધાર હવે કુલ્લે 51 અબજ ડૉલર થાય છે.

“આખરે તો આ મહામારી આપણાથી ઘણી પાછળ રહી જશે. તે માટે વર્ષોની નહીં, બલ્કે થોડા મહિનાઓની જ વાર છે.,” પ્રધાનશ્રી બેથલેનફાલ્વી એ કહ્યું. “Team Ontario (ટીમ ઑન્ટેરિયો) ની આકરી મહેનત અને ત્યાગ દ્વારા આપણે તેવા દિવસો સુધી પહોંચીશું. જનતાની તંદુરસ્તી અને રોજગારોને રક્ષણ આપવાની અમારી પ્રતિબદ્ધતા અડગ રાખવા આપણી સરકાર એ રસ્તા પર ડગલે ને પગલે સાથે રહેવાની છે. અંતે આ પ્રકરણ તો બંધ થઇ જશે, ત્યારે મને ખાતરી છે કે ઑન્ટેરિયોની જનતાને આર્થિક વિકાસ માટે છૂટો દોર મળવાનો છે જે રોજગાર નિર્માણ, સમૃદ્ધિ અને મજબૂત પ્રાંત માટે જરૂરી છે.”

***જનતાના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું એ*** *2021 Budget* ***ના પ્રથમ આધારસ્તંભ સમાન છે.*** તેમાં COVID-19 ને પરાજિત કરવાના, લાંબા ગાળાની સારવાર સુધારવાના અને જનતાને તબીબી સેવાઓ આપવાના પગલાં શામેલ છે.

રસીઓ અંધારા બોગદાના છેડે કોઈ પ્રકાશ સમાન છે, તેથી પ્રાંતમાં આવી પહોંચતાં જ લશ્કરી પગલાંના ધોરણે રસીઓ ખભે ખભે લગાવાઇ રહી છે," પ્રધાન બેથલેનફાલ્વીએ જણાવ્યું. "હાલ તો અમે આપણી આરોગ્ય સંભાળ વ્યવસ્થામાં મૂડીરોકાણ કરવાનું ચાલુ રાખીશું અને લાંબા ગાળા સુધી, હોસ્પિટલોમાં પથારીઓ વધારવા, સુધારાઓ તથા બાંધકામો કરવા, પરીક્ષણો વધારવા, તેમ જ લાંબા ગાળાની સારવારમાં સુધારો કરવા માટે મહામારીની શરૂઆતથી કરેલા વિક્રમી મૂડીરોકાણોમાં ઉમેરો કરતાં રહીશું."

**COVID-19 ને હરાવવા ઑન્ટેરિયોની યોજનાની વિશેષતાઓ:**

- જે વ્યક્તિ પ્રાંતમાં રસીકરણ કરાવવા માગતા હોય તે દરેકને રસી આપવા, ઑન્ટેરિયોએ પ્રાંતવ્યાપી રસીકરણ યોજના માટે 1 અબજ ડૉલર કરતા વધુ રકમ ઉપલબ્ધ કરાવી છે. પરીક્ષણ અને કૉંટેક્ટ ટ્રેસિંગ માટે ફાળવેલા 2.3 અબજ ડૉલર વડે ઑન્ટેરિયો કાર્યસ્થળો, વ્યવસાયો અને સમુદાયો સાથે ફરીથી જોડાવાનું વધુ સુરક્ષિત બનાવશે.
- અગ્રહરોળ પર કાર્યરત શૂરવીરો અને ક્ષતિશીલ લોકોની સુરક્ષા માટે, 315 મિલિયનથી વધુ માસ્ક અને 1.2 અબજ કરતા વધુ ગ્લવ્સ સહિતના વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (personal protective equipment-PPE) માટે ઑન્ટેરિયોએ 1.4 અબજ ડૉલર ઉપલબ્ધ કરાવ્યા છે.
- મહામારીની સૌથી ખરાબ પરિસ્થિતિમાં પણ, જેમને હોસ્પિટલમાં સારવારની જરૂર હોય તેવી દરેક વ્યક્તિ પથારી મેળવી શકે તે સુનિશ્ચિત કરવા, 3,100 થી પણ વધુ વધારાની પથારીઓની ક્ષમતા પૂરી પાડીને, મહામારી શરૂ થઇ ત્યારથી હોસ્પિટલોને મદદ કરવા માટે સરકાર વધારાના 5.1 અબજ ડોલર ફાળવી રહી છે. આની અંદર COVID-19 ના દર્દીઓને સારવાર આપવાનું ચાલુ રાખવા, લાંબા સમયથી બાકી પડેલી સર્જરીઓને પહોંચી વળવા તથા દર્દીની જરૂરિયાતો સાથે તાલમેલ સાધવા 2021-22 માટે ફાળવેલા 1.8 અબજ ડૉલરનો સમાવેશ થાય છે.

**ઑન્ટેરિયોની દીર્ઘકાલીન સારવાર સુધારવાની યોજનાની વિશેષતાઓ:**

- દાયકાઓ જુની ઉપેક્ષા ધ્યાનમાં લઈ લાંબા ગાળાની સારવાર લેવા રાહ જોઈ રહેલાઓને મદદ કરવા માટે, દીર્ઘકાલીન સારવારને લગતી 30,000 નવી પથારીઓ પૂરી પાડવામાં મદદરૂપ થવા ઑન્ટેરિયો પ્રાંત, ચાર વર્ષમાં વધારાના 933 મિલિયન ડૉલર ફાળવી, કુલ 2.6 અબજ ડૉલર ફાળવે છે. ઘરમાં રહેતા નિવાસીઓ માટે ઘરોમાં એર કન્ડીશનીંગ સુવિધા સુનિશ્ચિત કરવા સહિત, હાલના ઘરોમાં રહેવાની સ્થિતિ સુધારવા, ઑન્ટેરિયોએ આગામી ચાર વર્ષ માટે 246 મિલિયન ડૉલર પણ ફાળવ્યા છે, જેથી પ્રિયજનો આરામથી તથા સલામતી, ગૌરવ અને સન્માન સહિત જીવી શકે.
- દીર્ઘકાલીન સારવાર કેન્દ્રોમાં રહેતાં પ્રિયજનોને જીવલેણ COVID-19 ના વાયરસથી બચાવવા, મહામારીની શરૂઆતથી રોકાણ કરેલા કુલ સંસાધનો 2 અબજથી વધુ લાવી આ અત્યંત અક્ષમ વ્યક્તિઓના રક્ષણ કાજે ઑન્ટેરિયો વર્ષ 2021-22 માટે વધારાના 650 મિલિયન ડૉલર ફાળવે છે.
- કેનેડામાં પ્રિયજનો શ્રેષ્ઠ ગુણવત્તાવાળી સેવા મેળવે તે સુનિશ્ચિત કરવા, દીર્ઘકાલીન સારવાર કેન્દ્રોમાં સરેરાશ સીધી દૈનિક સેવા દિવસના ચાર કલાક સુધી વધારવા તથા વ્યક્તિગત સેવા કર્મીઓ (personal support workers-PSWs) અને નર્સિંગ સેવા કર્મચારીઓ સહિત, 27,000 થી વધુને નવી જગ્યાઓ માટે નિયુક્ત કરવા, ઑન્ટેરિયો ચાર વર્ષોમાં 4.9 અબજ ડોલર ફાળવે છે.

**જનતાની તબીબી સેવાઓ માટે ઑન્ટેરિયોની યોજનાની વિશેષતાઓ:**

- વધુ આરોગ્ય સંભાળ સેવાઓની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં, William Osler Health System ના Peel Memorial ની એક નવી ઇનપેશન્ટ શાખા, તથા Windsor-Essex માં નવી પ્રાદેશિક હોસ્પિટલની અમલમાં રહેલી ચાલુ યોજના સહિત, હોસ્પિટલ વિસ્તરણ અને બાંધકામના ઐતિહાસિક આયોજનોને ટેકો આપવા ઑન્ટેરિયો પ્રાંત રોકાણ કરી રહ્યો છે.
- માનસિક સ્વાસ્થ્ય અને વ્યસનોની સમસ્યાઓથી પીડાઈ રહેલા હજારો લોકોને મદદ કરવા માટેના, આગામી 10 વર્ષોના ગાળામાં 3.8 અબજ ડૉલરના ઐતિહાસિક રોકાણના ભાગ રૂપે, જેઓને જરૂર છે તેવાઓને વધુ અને બહેતર સારવાર પૂરી પાડવા, ઑન્ટેરિયો 2021-22 ના વર્ષમાં 175 મિલિયન ડૉલરનું વધારાનું ભંડોળ ફાળવે છે.

જનતાના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા ઑન્ટેરિયોની યોજના વિશે વધુ જાણો.

**આપણી અર્થવ્યવસ્થાનું રક્ષણ** કરવું એ 2021 Budget **ના દ્વિતીય આધારસ્તંભ સમાન છે.** તે પરિવારો, કામદારો અને નોકરીદાતાઓને મદદ કરવાની ઑન્ટેરિયોની યોજનાની રૂપરેખા આપે છે.

"કામદારો, પરિવારો અને વ્યવસાય માલિકોના ભોગે અત્યંત જરૂરી સાર્વજનિક સ્વાસ્થ્ય માટે પગલાં લઈ શકાયા છે, પરંતુ એ નિર્વિવાદ છે કે તેઓએ પણ જિંદગીઓ બચાવી છે," **મંત્રીશ્રી બેથલેનફાલ્વીએ કહ્યું.** "જેટલાં પણ ભોગ આપવામાં આવ્યા છે તેને અમે માન્યતા આપીએ છીએ. અમે માતાપિતાને ત્રીજા ફેરાની સીધી ચુકવણી કરવા, ઑન્ટેરિયોનું લઘુ વ્યવસાય સહાય અનુદાન (Ontario Small Business Support Grant) બમણું કરવા, તથા કામદારોને પોતાના તાલીમ ખર્ચમાં મદદ કરવા સહિત, મહામારીથી સૌથી વધુ અસરગ્રસ્ત લોકોને વધારાની રાહત અને સહાય આપવા માટે આગળના પગલાં લઈ રહ્યા છીએ."

**કામદારો અને પરિવારોને મદદ આપવા ઑન્ટેરિયોની યોજનાની વિશેષતા:**

- કામદારોને પોતાના તાલીમ ખર્ચમાં મદદ કરવા, **સરકાર 2021 માટે એક નવી ઑન્ટેરિયો રોજગાર તાલીમ કર રાહત** (Ontario Jobs Training Tax Credit) **નો પ્રસ્તાવ રજૂ કરી રહી છે.** તે 2021 **માં આશરે** 230,000 **લોકોની સહાયમાં કુલ અંદાજિત** 260 **મિલિયન ડૉલર જેટલી, સુપાત્ર ખર્ચના** 50 **ટકા માટે પ્રાપ્તકર્તા દીઠ** 2,000 **ડૉલર સુધીની રકમ પૂરી પાડશે.**
- પરિવારોને - જેમણે રોગચાળાને લીધે નવા દબાણો અને ખર્ચાઓનો સામનો કરવો પડ્યો છે - તેમના ખિસ્સામાં વધુ પૈસા રાખવા, **ઑન્ટેરિયો** COVID-19 **ચાઇલ્ડ બેનિફિટ** (Ontario COVID-19 Child Benefit) **દ્વારા સરકાર માતાપિતાને સહાય કરવા ત્રીજા ફેરાની ચૂકવણી કરી રહી છે,** જે ગયા માર્ચથી કુલ 1.8 અબજ ડૉલરની થાય છે. આ રાઉન્ડ માટે બાળક દીઠ 400 ડૉલર અને વિશેષ જરૂરિયાતોવાળા દરેક બાળક દીઠ 500 ડૉલરની બમણી ચુકવણી કરવામાં આવશે, જેનો અર્થ એ થાય છે કે ચુકવણીના ત્રીજા રાઉન્ડ પછી, ત્રણ નાના બાળકોવાળું કુટુંબ, જે પૈકી એકને ખાસ જરૂરિયાતો છે, તે કુલ 2,600 ડૉલર મેળવશે.
- બાળકની સંભાળના ખર્ચમાં માતાપિતાને ટેકો આપવા અને તેમને કામના સ્થળે પાછા જવામાં મદદ કરવા, **સરકાર** CARE **કર રાહત** (CARE tax credit) **માં** 2021 **માટે** 20 **ટકાનો વધારો કરવાની દરખાસ્ત રજૂ કરી રહી છે.** 300,000 **થી વધુ પરિવારોના બાળકના સંભાળ ખર્ચ માટે વધારાની સહાયતામાં લગભગ** 75 **મિલિયન ડૉલર પૂરા પાડીને આ મદદ,** 1,250 **ડૉલરથી વધીને, સરેરાશ,** 1,500 **ડૉલરની થશે.**

**રોજગાર સહાય માટે ઑન્ટેરિયોની યોજનાની વિશેષતાઓ:**

- COVID-19 થી લોકોને બચાવવાના જરૂરી પ્રતિબંધોથી જે સૌથી વધુ અસરગ્રસ્ત છે તેવા લઘુ વ્યવસાયોને મદદ કરવા, ઑન્ટેરિયો સુપાત્ર પ્રાપ્તકર્તાઓ માટે Ontario Small Business Support Grant ના બીજા ફેરાની ચૂકવણી કરે છે. આ અનુદાન દ્વારા અપાયેલી અંદાજિત કુલ સહાય 3.4 અબજ ડૉલર સુધી પહોંચાડતાં-સહાયના આ બીજા રાઉન્ડ દ્વારા ઓછામાં ઓછા 10,000 ડૉલરના અને 20,000 ડૉલર સુધીના અનુદાન રૂપે આશરે 120,000 લઘુ વ્યવસાયોને વધારાના 1.7 અબજ ડૉલરની રાહતથી આપમેળે લાભ મળશે.
- ઑન્ટેરિયોના પર્યટન, આતિથ્ય અને સંસ્કૃતિના ઉદ્યોગોને જે COVID-19 ની મહામારી દ્વારા સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત થયેલાઓમાં રહ્યા છે, તેમને ટેકો આપવાની નવી પહેલરૂપે આગામી ત્રણ વર્ષો દરમિયાન ઑન્ટેરિયો આ ક્ષેત્રોને મદદ કરવા એક વધારાના 400 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહ્યું છે. મહામારી શરૂ થઈ ત્યારથી કુલ 625 મિલિયન ડોલરથી પણ વધુ રકમ પર પહોંચાડીને, એ અગાઉ જાહેર કરેલા 225 મિલિયન ડૉલરના મૂડીરોકાણ ઉપરાંત ફાળવે છે.
- ઘરો, વ્યવસાયો અને સમુદાયોને બ્રોડબેન્ડ-COVID-19 એ દેખાડ્યું છે તેમ બ્રોડબેન્ડ જરૂરી છે, મોજશોખની સગવડ નથી-થી જોડવા ઑન્ટેરિયો 2.8 અબજ ડૉલર ફાળવે છે જેનાથી પ્રાંતનું કુલ રોકાણ 2019-20થી શરૂ કરી છ વર્ષો માટે લગભગ 4 અબજ ડૉલર નજીકનું થઇ ગયું છે.

**સમુદાયોની સહાય માટે ઑન્ટેરિયોની યોજનાની વિશેષતાઓ:**

- ધાર્મિક અને સાંસ્કૃતિક સંગઠનો જે COVID-19 ને લીધે થતા વધારાના ખર્ચને લીધે સંઘર્ષ કરી રહ્યાં છે, તેમને સહાય કરવા ઑન્ટેરિયો સુપાત્ર સંગઠનોને અનુદાનરૂપે 50 મિલિયન ડૉલર સુધી ઉપલબ્ધ કરવી આપશે.
- COVID-19 સામેની લડતમાં પ્રાંતની મુખ્ય ભાગીદાર, ઑન્ટેરિયોની 444 નગરપાલિકાઓને ટેકો આપવા, 2021 માં સરકાર લગભગ 1 અબજ ડૉલરની વધારાની આર્થિક રાહત, મહત્વપૂર્ણ જાહેર સેવાઓ જાળવી રાખવા અને આર્થિક પુન:પ્રાપ્તિમાં મદદ કરવા માટે આપી રહી છે.

આપણા અર્થતંત્રને સુરક્ષિત રાખવા ઑન્ટેરિયોની યોજના વિશે વધુ જાણો.

*હકીકતોનો સારાંશ*

- સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાઓની જેમ, ઑન્ટેરિયોને પણ COVID-19 રોગચાળા દ્વારા નોંધપાત્ર અસર થઈ છે. 2020 માં પ્રાંતનું વાસ્તવિક કુલ સ્થાનિક ઉત્પાદન (gross domestic product-GDP) 5.7 ટકા ઘટ્યું હોવાનો અંદાજ છે. જેમ જેમ અર્થતંત્ર સુધરતું જશે, તેમ તેમ ઑન્ટેરિયોની વાસ્તવિક જીડીપી અને રોજગાર બંને 2022 ની શરૂઆતમાં પોતાના મહામારી પહેલાના જે સ્તરો હતા તેને વટાવી જવાની આગાહી છે.
- ઑન્ટેરિયો 2020-21માં 38.5 અબજ ડોલરની ખાધનું અનુમાન કરે છે. મધ્યમ ગાળા દરમિયાન, સરકાર 2021-22 માં 33.1 અબજ ડૉલર, 2022-23 માં 27.7 અબજ ડૉલર અને 2023-24 માં 20.2 અબજ ડોલરની સતત ઘટતી જતી ખાધનું અનુમાન કરે છે.
- *આર્થિક અનિશ્ચિતતાના ઉચ્ચ પરિમાણોના ચિતાર વિશે પારદર્શિતા આપવા 2021 Budget માં અર્થતંત્રની આવતા કેટલાક વર્ષોમાં જે હોઇ શકે તેવી ઝડપી વૃદ્ધિ અને ધીમી વૃદ્ધિની પરિસ્થિતિઓ શામેલ છે અને તે ઑન્ટેરિયોના નાણાકીય રોકાણો પરની સંભવિત અસરો દર્શાવે છે.*

*વધારાના સંસાધનો*

- 2021 Budget — Ontario’s Action Plan: (2021નું અંદાજપત્ર-ઑન્ટેરિયોની કાર્ય યોજના:)Protecting People’s Health and Our Economy (જનતાના સ્વાસ્થ્ય અને આપણા રાષ્ટ્રના અર્થતંત્રને બચાવે)
- Read highlights of Ontario’s Action Plan: Protecting People’s Health and Our Economy ઑન્ટેરિયોના એક્શન પ્લાન: (જનતાના સ્વાસ્થ્ય અને આપણા રાષ્ટ્રના અર્થતંત્રને બચાવે) ની વિશિષ્ટતાઓ વાંચો
- Protecting People’s Health (જનતાના સ્વાથ્યનું રક્ષણ)
- Protecting Our Economy (આપણા અર્થતંત્રનું રક્ષણ)
- Economic and Fiscal Overview (નાણાકીય અને રાજકોષીય વિહંગાવલોકન)
- Read the Minister’s statement to the Legislature(વિધાનસભામાં પ્રધાનના નિવેદન વાંચો)

- 2020 Ontario Budget — Ontario’s Action Plan: (2020નું અંદાજપત્ર-ઑન્ટેરિયોની કાર્ય યોજના:)Protect, Support, Recover (સુરક્ષા, સહાય, પુનરુત્થાન)